# PLANET ORGANIC®

One step towards organic...




## OUR PRODUCTS

PREMIUM BIO COMPOST | Vermiwash ORGANIC LIQUID MANURE | PROM Phosphate Rich Organic Manure | Phospho+ VERMI COMPOST | Enrich VERMI COMPOST | GARDEN MIX SOIL



# એક કદમ જૈવિકતા તરફ...

જ્યારથી હરીયાળી ક્રાંતિની શરૂઆત થઈ ત્યારથી લઈને આજ સુધી ખેડૂત દિવસેને દિવસે રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ કરતો આવ્યો છે પરિણામે ખેડૂતને નીચે મુજબની સમસ્યાઓ નડતર રૂપ બની છે.

- જમીનમાં રહેલા છોડને જરૂરી સુક્ષ્મજીવોની સંખ્યા ઘટી રહી છે.
- જમીનમાં રહેલા પોષકતત્વોનો છોડ સારી રીતે ઉપયોગ કરી શકતો નથી.
- છોડની રોગપ્રતીકારકતા અને જીવાત સામે લડવાની ક્ષમતા ઘટી છે.
- જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- ખેતી ખર્ચ મોંઘા થયા છે અને ખેડૂત ગરીબ બનતો જાય છે.
- મનુષ્ય અને પ્રાણીઓના શારીરિક સ્વાસ્થ્ય પર ખુબ જ અવળી અસર થાય છે.

**"ચિંતા ના કરશો ખેડૂત મિત્રો, આ બધાનું સમાધાન છે,**

## ચાલો.... જૈવિક ખેતીની શરૂઆત કરીએ..."

**"જૈવિક ખેતી એટલે જેમાં રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ બંધ કરી વર્મીકમ્પોસ્ટ, બાયો કમ્પોસ્ટ, પ્રોમ, વર્મીવોશ જેવા સેન્દ્રીય ખાતરનો વપરાશ વધારી અને જમીનને ફરીથી જીવંત બનાવીને કરવામાં આવતી ખેતી."**

## જૈવિક ખેતી કરવાથી થતા ફાયદા

- જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં વધારો થાય અને જમીન તંદુરસ્ત બને.
- જમીનની ભૌતિક સ્થિતિ સુધારે.
- જમીનની ભેજ સંગ્રહ શક્તિ વધે.
- પાકની રોગ અને જીવાત સામે લડવાની ક્ષમતા વધે.
- છોડ તંદુરસ્ત અને મજબુત બને.
- ફૂલ અને ફળ ખરવાની સમસ્યા ઘટે.
- ફળ સ્વાદિષ્ટ બને.
- જૈવિક ખેતી દ્વારા પેદા થતા ધાન્ય પાક, અનાજ, ફળ અને શાકભાજી ખાવાથી આપણું શારીરિક સ્વાસ્થ્ય બગડતું નથી.



# Enrich VERMI COMPOST

**એનરીચ વર્મીકમ્પોસ્ટ/ પ્લાન્ટ બુસ્ટર :**

"એનરીચ વર્મીકમ્પોસ્ટ અળસિયાની હગારમાંથી બનતું અને છોડની વૃદ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો ભજવતા, જમીન જન્ય રોગો સામે રક્ષણ આપતા જરૂરી સુક્ષ્મજીવોથી મિશ્રિત (એનરીચ) કરેલું સામાન્ય વર્મીકમ્પોસ્ટ કરતા ઉત્તમ સેન્દ્રીય ખાતર છે."

**ફાયદા :**

- પ્લેનેટ એનરીચ વર્મીકમ્પોસ્ટમાં છોડની વૃદ્ધિ અને ફળના વિકાસ માટે જરૂરી સુક્ષ્મજીવાણું જેવા કે હવામાંથી નાઇટ્રોજનનું સ્થાપન કરતા બેક્ટેરિયા, ફોસ્ફેટ સોલ્યુંબ્લાઈઝિંગ બેક્ટેરિયા પોટાશ મોબીલાઈઝિંગ બેક્ટેરિયાનું મિશ્રણ હોય છે જે જમીનમાંના અલભ્ય પોષક તત્વોને લભ્ય સ્વરૂપમાં ફેરવી છોડને પોષણ પુરુ પાડે છે.
- તેમાં વૃદ્ધિ નિયંત્રકો (હોર્મોન્સ) અને ઉત્સેચકો (ઍન્ઝાઇમ્સ) ખુબ જ સારા પ્રમાણમાં હોય છે જે છોડની વૃદ્ધિ અને ફૂલ-ફળના વિકાસમાં તેમજ છોડની રોગપ્રતીકારકતામાં વધારો કરે છે.
- ઓર્ગેનિક કચરો અળસીયાના શરીરમાંથી પસાર થાય ત્યારે ૧૦૦૦ ગણો ઝડપથી કોહવાતા વર્મીકમ્પોસ્ટમાં હ્યુમીક એસીડ, ફુલ્વીક એસીડ તેમજ હ્યુમસ ખુબ જ સારા પ્રમાણમાં હોય છે જે જમીન ને વધારે ફળદ્રુપ બનાવે છે.
- તેમાં જરૂરી બધા જ પોષક તત્વો જેવા કે નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશીયમ તથા અન્ય બધાજ તત્વો છોડની વૃદ્ધિ અને વિકાસની જરૂરીયાત પ્રમાણે હોય છે.
- જમીનની ભેજ સંગ્રહ શક્તિમાં વધારો કરે છે.
- જમીનને પોચી અને ભરભરી બનાવે છે.
- જમીનની ભૌતિક પરીસ્થિતિમાં સુધારો કરે છે.
- વર્મીકમ્પોસ્ટ સેન્દ્રીય ખાતર છે જેની કોઈ પણ પ્રકારની છોડ ઉપર ખરાબ અસર થતી નથી.

**ભલામણ :** ૧૦ બેગ પ્રતિ વીઘા.




# Phospho+ VERMI COMPOST

**ફોસ્ફો+ વર્મીકમ્પોસ્ટ**

- ફોસ્ફો+ વર્મીકમ્પોસ્ટ એટલે એનરીચ વર્મીકમ્પોસ્ટ અને ફોસ્ફરસના કુદરતી સ્રોતની જૈવીક પ્રક્રીયા દ્વારા બનાવેલું ડી.એ.પી. ના બદલામાં વપરાતુ સેન્દ્રીય ખાતર છે.
- ફોસ્ફો+ વર્મીકમ્પોસ્ટ ફોસ્ફરસ તેમજ છોડને જરૂરી બધાજ પોષકતત્વોથી ભરપુર જૈવીક ખાતર છે જેમા એનરીચ વર્મીકમ્પોસ્ટના ગુણો પણ રહેલા છે.

**ફાયદા :**

(૧) જમીનમાં રહેલી ફોસ્ફરસની ઉણપને પુરી કરે છે.
(૨) જમીનની ભેજ સંગ્રહ શક્તિમાં વધારો કરે છે, જમીનને પોચી અને ભરભરી બનાવે છે અને જમીનની ભૌતિક, રસાયણિક અને જૈવિક પરીસ્થિતીમાં સુધારો કરે છે.
(૩) છોડની વૃદ્ધિ અને વિકાસમાં જરૂરી શક્તિ પુરી પાડવા માટે છોડમાં પ્રકાશ સંશ્લેષણ દરમિયાન શક્તિનો સંગ્રહ કરે છે.
(૪) છોડની રોગપ્રતિકારક શક્તિ વધારી ઉત્પાદન વધારવામાં ખુબ ફાયદાકારક છે.
(૫) બીજ અંકુરણ ઝડપી અને મૂળ, તંતુમૂળ, થડ, ડાળીઓ અને તેની શાખાઓ મજબુત બને છે.
(૬) ફૂલ અને ફળનો સારો વિકાસ કરવા માટે અને ફળોની ગુણવત્તા સુધારવામાં મહત્વનો ફાળો ભજવે છે.

**ભલામણ :** ૮ બેગ પ્રતિ વીઘા.



**વર્મીવોશ :**

- વર્મીવોશ વર્મીકમ્પોસ્ટની પ્રક્રીયા દરમિયાન અળસીયા દ્વારા પ્રાપ્ત થતું પ્રવાહી સેન્દ્રીય ખાતર છે.
- વર્મીવોશમાં વૃદ્ધિ નિયંત્રકો (હોર્મોન્સ) અને ઉત્સેચકો (એન્ઝાઈમ્સ) ખુબ જ સારા પ્રમાણમાં હોય છે જે છોડની વૃદ્ધિ અને ફૂલ-ફળના વિકાસમાં તેમજ છોડની રોગપ્રતીકારક શક્તિમાં વધારો કરે છે.
- વર્મીવોશમાં સારા પ્રમાણમાં મુખ્ય પોષક તત્વો સાથે ગૌણ પોષક તત્વો પણ સારી માત્રામાં રહેલા હોય છે.
- વર્મીવોશ જમીનમાં તેમજ છોડ ઉપર છાંટી શકાય છે જેનાથી છોડની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે.
- વર્મીવોશમાં ફાયદાકારક સુક્ષ્મજીવાણુંઓ હોય છે જે છોડની વૃદ્ધિ અને વિકાસમાં તેમજ છોડ પર આવતા રોગ અને જીવાતને અટકાવવામાં મદદ કરે છે.

**ભલામણ :**

- ૧૦ % પ્રમાણે (૯૦:૧૦) પાક પર છંટકાવ કરી શકાંય છે.
- ટપક સિંચાઈ પધ્ધતિમાં ૧૦ લીટર પ્રતિ એકર આપી શકાય.




## પ્રીમિયમ બાયો કમ્પોસ્ટ :

- પ્રીમિયમ બાયો કમ્પોસ્ટ જૈવિક પ્રક્રીયાથી તૈયાર કરેલું છોડની વૃદ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો ભજવતા જરૂરી સુક્ષ્મજીવોથી અને જમીન જન્ય રોગો સામે રક્ષણ આપતા સુક્ષ્મજીવોથી મિશ્રિત શ્રેષ્ઠ સેન્દ્રીય ખાતર છે.
- પ્રીમિયમ બાયો કમ્પોસ્ટ જમીનની ભૌતિક પરિસ્થિતી સુધારે છે.
- જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે.
- છોડની વૃદ્ધિ અને વિકાસને જરૂરી પોષકતત્વોનું સ્થિરીકરણ અટકાવી તેમની લભ્યતામાં વધારો કરે છે.
- તેમાંથી છુટા પડતા વિવિધ પ્રજીવકો અને વૃદ્ધિકારકો છોડને સીધા મળી રહે છે.
- પ્રીમિયમ બાયો કમ્પોસ્ટ છોડની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.
- જમીનમાં ભેજ જાળવી જમીનને પોચી અને ભરભરી બનાવી હવાની અવરજવર સુધારી પોષકતત્વોનું શોષણ વધારે છે.
- રેતાળ જમીનની ભેજ સંગ્રહશક્તિ વધારે છે.
- જમીન પર આચ્છાદન ઉભું કરી બીજનું સ્ફુરણ ઝડપી બનાવે છે.
- પ્રીમિયમ બાયો કમ્પોસ્ટના વિભાજનના અંતે જમીનમાં ફૂલ્વિક એસીડ અને હ્યુમિક એસીડ જેવા વિશિષ્ટ ગુણો ધરાવતા પદાર્થો ઉત્તપન્ન થાય છે જે વૃદ્ધિ માટે અગત્યના છે.



## PROM Phosphate Rich Organic Manure

### ફોસ્ફેટ રીચ ઓર્ગેનિક મેન્યોર/રૂટ બુસ્ટર (PROM)

- ફોસ્ફેટ રીચ ઓર્ગેનિક મેન્યોર (PROM) ફોસ્ફરસના કુદરતી સ્રોત અને છોડની વૃદ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો ભજવતા જરૂરી સુક્ષ્મજીવોથી અને જમીન જન્ય રોગો સામે રક્ષણ આપતા સુક્ષ્મજીવોથી મિશ્રિત કરેલું શ્રેષ્ઠ સેન્દ્રીય ખાતર છે.
- જમીનમાં રહેલી ફોસ્ફરસની ઉણપને પુરી કરે છે.
- જમીનની ભેજ સંગ્રહ શક્તિમા વધારો કરે છે. જમીનને પોચી અને ભરભરી બનાવે છે અને જમીનની ભૌતિક, રાસાયણિક અને જૈવિક પરીસ્થિતીમાં સુધારો કરે છે.
- છોડની વૃદ્ધિ અને વિકાસમાં જરૂરી શક્તિ પૂરી પાડવા માટે છોડમાં પ્રકાશસંશ્લેષણ દરમિયાન શક્તિનો સંગ્રહ કરે છે.
- છોડની રોગપ્રતિકારક શક્તિ વધારી પાક ઉત્પાદન વધારવામાં ખુબ ફાયદાકારક છે.
- બીજ અંકુરણ ઝડપી અને મૂળ, તંતુમૂળ, થડ, ડાળીઓ અને તેની શાખાઓ મજબુત બને છે.
- ફૂલ અને ફળનો સારો વિકાસ કરવા માટે અને ફળોની ગુણવત્તા સુધારવામાં મહત્વનો ફાળો ભજવે છે.
- ભલામણ : ૧૦ બેગ પ્રતિ વીઘા.




## GARDEN MIX SOIL

### ગાર્ડન મિક્ષ સેઈલ

- ગાર્ડન મિક્ષ સોઈલ ૧૦૦ % ઓર્ગેનિક છે જેની પર્યાવરણ પર કોઈ અવળી અસર થતી નથી. તેમાં મુખ્ય અને ગૌણ પોષકતત્વો આવેલા હોય છે.
- સારી ભેજ સંગ્રહ શક્તિ ધરાવે છે.
- તેની રોગપ્રતિકારક શક્તિ છોડની વૃદ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો ભજવે છે.
- તેમાં ફાયદાકારક સુક્ષ્મજીવો હોય છે જે જમીનનું બંધારણ સુધારવામાં મદદ કરે છે.
- ગાર્ડન મિક્ષ સોઈલને બગીચામાં, કિચન ગાર્ડનમાં, ટેરેસ ગાર્ડનમાં, પોટીંગ મિક્ષર, ધરુ ઉછેર કરવા વગેરે માટે સીધો ઉપયોગ કરી શકાય છે.
- ભલામણ :
  ૧ બેગ પ્રતિ ૧૦ સ્ક્વેર ફૂટ વિસ્તાર માટે








PLANET ORGANIC®


**Reg. Off. :**
Ambetha Patiya, Nr. Bus Stand, Dhaniyana Road, Palanpur, Banaskantha, Gujarat-385001.

**Cor. Off :**
Shop No. 117, Pushp Arcade, Juna Gunj Road, Palanpur, Banaskantha, Gujarat-385001.

**Customer Care: +91 97732 89375**

info@planetorganic.co.in www.planetorganic.co.in

Planetorganic.co.in Planetorganic Planetorganic Planetorganic


Q39964323@ybl
Planet Organic
Planet Organic - Terminal 2
G Pay paytm PhonePe

LATEST @90337 15305